# લો બોલો, પુરાંતવાળી મનપાએ સે.૪/૫ના જાહેર શૌચાલયનું લાઈટબિલ ના ભર્યુ..!!

**લાઇટ બિલ બાકી હોવાથી ટોરેન્ટ પાવર કંપનીએ શૌચાલયના વીજ કનેક્શન કાપી નાખ્યાં : શૌચાલયમાં લાઇટના અભાવે પાણી બંધ થઈ જતાં સાફસફાઇ થશે નહીં અને જાહેર શૌચક્રિયાની પ્રવૃતિને વેગ મળે તેવી શક્યતા**

ગાંધીનગર, તા.૦૫

એક તરફ વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા અભિયાન અને જાહેરમાં શૌચ મુક્ત ભારતનું સ્વપ્ન સેવવામાં આવ્યું છે જ્યારે બીજી તરફ ભરાયું ના હોવાથી ટોરેન્ટ પાવર દ્વારા વિજ જોડાણ કાપી નાખવામા આવ્યું છે જેના કારણે આ શૌચાલયમાં પાણી બંધ થઈ જવાથી તેનો ઉપયોગ કરનારા નાગરિકોને જાહેર કર્યા છે પરંતુ વાસ્તવિક સ્થિતિમાં જાહેર શૌચાલયમાંથી લાઈટ બીલ પણ ભરવામાં આવતા નથી જેના કારણે વીજ કંપની દ્વારા લાઈટ કનેકશન કાપી નાંખવી પડે કનેકશન કાપી નાંખવામાં આવ્યા છે. આ જાહેર શૌચાલયના લાઈટબીલ ભરવાના નાણાં મહાનગરપાલિકા પાસે નથી કે જવાબદાર અધિકારી કે વિભાગ કરે છે જેમને હવે જાહેરમાં શૌચક્રિયા કરવાની ફરજ પડશે જેના કારણે સેકટરના નાગરિકોની પરેશાનીમાં વધારો થશે તેમજ ચોમાસાની આ ઋતુમાં ગંદકીમાં







તેમના ગૃહરાજ્ય ગુજરાતના પાટનગરમાં જ જાહેરમાં શૌચક્રિયાને વેગ મળે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. શહેરના સેકટર -૪/૫ના જાહેર શૌચાલયનું લાઈટ બિલ મહાનગર પાલિકા દ્વારા હવે શૌચક્રિયા જાહેરમાં કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ આ વર્ષે પણ પુરાંતવાળું બજેટ રજુ કર્યુ હતું અને ખૂબ મસમોટા ખર્ચાના આયોજનો તેવી સ્થિતિ આવી ગઈ છે. શહેરના સેક્ટર ૪ અને ૫માં મહાનગરપાલિકા દ્વારા નિર્મિત અને સંચાલિત જાહેર શૌચાલયના લાઈટ બિલ ભરાયા ન હોવાને કારણે ટોરેન્ટ પાવર દ્વારા વીજ દ્વારા લાઈટબીલ સમયસર ભરવામાં બેદરકારી દાખવવામાં આવી છે તે તપાસનો વિષય છે, પરંતુ આ જાહેર શૌચાલયનો ઉપયોગ નજીકમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરીવારો સૌથી વધુ વધારો થવાથી જાહેર આરોગ્ય પણ જોખમમાં મુકાય તેવી શક્યતા છે. વળી, પાણી અને લાઈટના અભાવે આ જાહેર શૌચાલયોની સાફસફાઈનું કાર્ય પણ ખોરંભે ચઢશે તે નક્કી છે.

# વરસાદ ખેંચાતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પર્જન્ય યજ્ઞની શરૂઆત

**વાવણી કરી દીધાં પછી વરસાદે હાથતાળી આપતાં ખેડૂતો ચિંતાતુર : દશેલા ગામે વરૂણદેવને રીઝવવા પર્જન્ય યજ્ઞ કરાયો**





ગાંધીનગર, તા. ૦૫

ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ ચુકયો હોવા છતાં ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા જિલ્લાના ખેડૂતો સહિત નાગરિકો ચિંતાતુર બન્યાં છે. જિલ્લામાં સત્વરે મેઘરાજાની મહેર થાય તે માટે હવે વરૂણદેવને રીઝવવા પુજા-અર્ચના શરૂ કરવામાં આવી છે જે અનુસાર ગાંધીનગર તાલુકાના દશેલા ગામે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ પ્રકારના પર્જન્ય યજ્ઞો આવનારા દિવસોમાં ગાંધીનગર જિલ્લાના મોટાભાગના ગામોમાં શરૂ થઈ શકે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતાં વાવની કરી ચુકેલાં ખેડુતોની હાલત કફોડી બની રહી છે. મોટા ભાગના ખેડુતોએ પહેલા વરસાદ બાદ વાવણી કરી દીધી છે. હવે વરસાદ ખેંચાતા ઉગીને તૈયાર થયેલો પાક નિષ્ફળ જવાનો ખતરો તોળાઈ રહ્યો છે. જો હવે વરસાદમાં વિલંબ થાય તો ખેડુતોને મોટુ નુકસાન ઉઠાવવુ પડી શકે છે જેના પગલે ગાંધીનગર જિલ્લામાં પૌરાણિક વિધી વિધાનો મુજબ પર્જન્ય યજ્ઞનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય સંસ્કૃતિના પૌરાણિક શાસ્ત્રોમાં વરસાદને રિઝવવા અનેક પ્રકારના વિધી વિધાનો ઉપલબ્ધ છે.

આ વિધી વિધાનોને અનુસરતા ગાંધીનગર તાલુકાના દશેલા ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા આચાર્ય વેદપાઠી જીતુભાઇ જોષી સહિત ભૂદેવોની નિશ્રામાં પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૌરાણિક ગ્રંથો મુજબ વરસાદને રિઝવવા આ યજ્ઞનું આયોજન કરાય છે અને કહેવાય છે કે આ યજ્ઞથી વરસાદનું આગમન થાય છે જે આશાવાદના સહારે ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના આયોજનો હાથ ધરાઈ રહ્યાં છે.

# ગાંધીનગર ખાતેના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી

**સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટે ફરી પ્રમુખપદે તુલસીભાઈ માલી અને મહામંત્રી તરીકે મુકેશકુમાર વ્યાસ બિનહરીફ ચૂંટાયા**

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગર ખાતેના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટેના હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે જેમ?ાં વર્તમાન પ્રમુખ અને સમાજના અગ્રણી તુલસીભાઈ માલી પ્રમુખ પદે અને મુકેશકુમાર



વ્યાસ ફરીથી મહામંત્રી તરીકે બિનહરીફ ચૂંટાયા હતાં. આ સાથે નવા ચૂંટાયેલા પદાધિકારીઓએ સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટે કારોબારી સમિતિની રચના કરી હતી.

ગાંધીનગર ખાતે સ્થાયી થયેલાં રાજસ્થાનીઓ, હિન્દીભાષી, ૩૬ કોમના પ્રવાસી સંગઠનોની સંસ્થા રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટના સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટેની ચૂંટણીઓ મુખ્ય ચૂંટણી અધિકારી સત્યનારાયણજી શર્મા અને ધરમવીરજી ચૌધરીના નિર્દેશન હેઠળ ઈન્ફોસિટી ખાતેની હોટેલ ગ્રાન્ડ ક્રિષ્ના ખાતે યોજાઈ હતી. શહેરમા વસતાં હિન્દીભાષી પરપ્રાંતીયોની સંસ્થા રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટે સમાજના હિતમાં આર્થિક, સામાજિક, સેવાકીય યોજનાઓ અને સખાવતી કાર્ય યોજનાઓ દ્વારા સમાજના વિકાસ માટે ગાંધીનગર અને ગુજરાતમાં એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. સત્ર ૨૦૨૨થી ૨૦૨૫ માટે સંસ્થાની કાર્યકારી સમિતિની ચૂંટણીમાં રિટર્નિંગ ઓફિસર સમક્ષ કોઈ અરજી આવી ન હતી જેના પગલે આગામી સત્ર માટે પ્રમુખપદ માટે તુલસીભાઈ માલી અને જનરલ સેક્રેટરી માટે મુકેશકુમાર વ્યાસ બિનહરીફ ચૂંટાયા છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવા નામાંકિત હોદ્દેદારોએ ઉપપ્રમુખ માટે વિક્રમસિંહ રાજપુરોહિત, માંગીલાલ ગુર્જર, ખજાનચી માટે મધુભાઈ પ્રજાપતિ, મુકેશ પ્રજાપતિ સાથે પરસ્પર સંમતિ આપી હતી. સંગઠન મંત્રી માટે શિવાભાઈ રબારી, શિક્ષણ મંત્રી માટે રમેશભાઈ પંચાલ, વિક્રમસિંહ રાજપૂત, પ્રચાર મંત્રી માટે શિવશંકર જાટ, જગદાનભાઈ ગઢવી, મૂપાજી પ્રજાપતિ, ગોપાલ શર્માજી, સુરેશ ભાઈ જૈન, મોતી મહારાજ વૈષ્ણવ, અશોક તેલી અને ૨૦૨૨-૨૦૨૫ના સત્ર માટે કોર કમિટીના સભ્યોમાં ઓફિસ મંત્રી માટે તાલકાજી મેઘવાલ નોમિનેશન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા બાદ આગામી કાર્યક્રમો સંદર્ભે એક મીટીંગ પણ યોજાઈ હતી જેમાં નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન પાઠવતા પ્રમુખ તુલસીભાઈ માલીએ વિશ્વાસ અને સહકાર દર્શાવવા બદલ સૌનો આભાર માન્યો હતો અને અંતમાં ટ્રસ્ટના મહામંત્રી મુકેશકુમાર વ્યાસે સહયોગની કામના વ્યકત કરી હતી.

# જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો ચિલોડા ખાતેથી આરંભ

ગાંધીનગર,તા.૦૫

તમારા ગામમાં વિકાસ થયો છે ? તેવો એક પ્રશ્ન આજરોજ વંદે ગુજરાત વિકાસ યાત્રાનો આરંભ કરવા ચિલોડા ગામ ખાતે આવેલા ઉધોગ અને સહાકાર રાજય મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ કાર્યક્રમના મંચ ઉપરથી ઉપસ્થિત કર્યો હતો. ત્યાર કાર્યક્રમના સ્થળ ખાતે બેઠેલા વિવિધ ગામના ગ્રામજનોએ ગામમાં વિકાસ થયાની વાતને અનુમોદન આપ્યું હતું સરળતાથી મેળવી શકે, તે માટે સ્થળ ખાતે ઉપસ્થિત નાગરિકોના મુખે પ્રશ્નો કરીને બોલાવી હતી.

સહકાર રાજય મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ કાર્યક્રમના સ્થળને મુક્ત મને સરકારના કાર્યોની ચર્ચા કરવા માટેનો ખુલ્લો લોકમંચ બનાવી દીધો હતો. તેમણે લોકમંચમાં પરથી પ્રજાના પ્રતિનિધિ હોવાની નવી તરાહ આપી હતી. તેમણે સ્ટેજ પરથી નીચે ઉતરીને ગ્રામજનો સાથે સીધી વાત કરવાની શરૂ કરી હતી. લોકમંચમાં તેમણે કેવી રીતે મળે છે, કેટલો મળે છે, તેની વિસ્તૃત સમજ મંત્રીશ્રીએ ગ્રામજનોને આપ્યો હતો.

મંત્રીશ્રીએ ગામની ઘર્મિષ્ઠા નામની અભ્યાસ કરતી દીકરી સાથે વાત કરી હતી. તેને પ્રશ્ન કર્યો હતો કે દેશના લોહ પુરૂષ કોણ, ઉંચામાં ઉંચુ સ્ટેચ્યુ ક્યા આવેલું છે ? લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ છે. તેમનું સ્ટેચ્યુ નર્મદા નદીના કિનારે આવેલું છે. તે વડાપ્રધાનશ્રીએ બંધાવ્યું છે, તે જવાબ સાંભળી મંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો.






આજે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ વંદે ગુજરાત વિકાસ યાત્રાનો આરંભ ચિલોડા ખાતેથી થયો હતો. આ યાત્રાનો આરંભ ઉધોગ અને સહકાર રાજય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલના હસ્તે લીલીઝંડી આપીને કરાવવામાં આવ્યો હતો. તેમણે કાર્યક્રમના સ્થળે સામાન્ય રીતે મંત્રીશ્રી કે મહાનુભાવો સ્પીચ આપે તે પરંપરાને એક નવીન સ્વરૂપ આપ્યું હતું. તેમણે આ મંચ પરથી વિકાસની વાતો અને વિવિધ યોજનાઓની માહિતી ગ્રામજનો લગભગ અનેક ગ્રામજનો સાથે વાત કરી હતી. વિકાસ એટલે શું ? વિકાસ કોણે કર્યો ? તેવા પ્રશ્નના જવાબમાં ચિલોડા ગામના વિનોદભાઈ પટેલે જણાવ્યું હતું કે, રોડ-રસ્તા, પાણી અને લાઇટ સારી રીતે મળી રહ્યા છે.. તે વિકાસ કહેવાય તે વિકાસ નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી થયો છે. તેમણે સામેથી મંત્રીશ્રીને જણાવ્યું હતું કે, મને સરકાર તરફથી આયુષ્યમાન કાર્ડનો પણ લાભ મળ્યો છે. આયુષ્યમાન ભારત કાર્ડના થકી આરોગ્ય સેવાનો લાભો

થોડીકવારમાં ગ્રામજનોને લોકમંચ પરથી મંત્રીશ્રીના સરકારશ્રીની વિવિધ યોજના- કામગીરીના પ્રશ્નના જવાબ આપવામાં રસ પડી ગયો હતો. જેવો પ્રશ્ન મંત્રીશ્રી કરે કે કોઇ લાભાર્થી શાળામાં બાળક શિક્ષકના પ્રશ્નનો જવાબ આપવા ઉતાવળે કરે તેમ લોકો ઉંચા નીચા થતાં હતા. ત્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનની વાત આવી ત્યારે પાલજ ગામથી કાર્યક્રમમાં આવેલા તારાબેન વાઘેલા ઉભા થયા હતા.

# જય વિજ્ઞાનના સૂત્રને સાર્થક કરી બતાવતા યુવા સાહસિકો

**૩ થી ૧૨ વર્ષના બાળકો માટે ખૂબ ઉપયોગી બની રહે તેવો રોબોટ “MIKO3” મોબાઈલથી નાના બાળકોને દૂર કરશે આ “MIKO3” રોબોટ**

ગાંધીનગર, તા. ૫

અટલ બિહારી બાજપાઈએ જય જવાન જય કિસાનના શાસ્ત્રીએ આપેલ સૂત્રમાં સુધારો કરી જય વિજ્ઞાનને જોડ્યું હતું.

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ વિજ્ઞાન અને વિકાસને પ્રાધાન્ય આપ્યું હતું. આ વંદનીય વિભૂતીઓના સ્વપ્નને સાકાર કરતું એક સુંદર પ્રદર્શન મહાત્મા મંદિરના પરિસરમાં યોજાયું છે.

મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે યંત્રો આવશ્યક છે પણ એના ગુલામ ના થઈ જઈએ તે પણ જોવુ પડશે. યાંત્રીકરણની ક્રાંતિ પછી શ્વેતક્રાંતિ એ બન્નેના જનક ગુજરાતી હતા. હરિયાળી ક્રાંતિનો નારો સ્વ. ઈન્દિરા ગાંધીએ આપ્યો હતો તો વિજ્ઞાનના જયઘોષ કરી વિજ્ઞાનની વિશેષતાઓને અટલજીએ પ્રાધાન્ય આપ્યું હતું.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ડિજિટલ ફેર વીક-૨૦૨૨માં મુંબઈની MIKO3 કંપની દ્વારા તૈયાર કરાયેલ MIKO3 નામનો રોબોટ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. જે ૩ થી ૧૨ વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવ્યો છે. MIKO3ની આ ત્રીજી રોબોટિક પદ્ધતિ છે. નાના બાળકોને એજ્યુકેશન, એન્ટરટેન્ટમેન્ટ, ગેમિંગ, કોડિંગ, વિડિયો કોલિંગ, પઝલ્સ, વીડીયો, પ્રશ્નોત્તરી, સાયન્સ, વિડીયોકોલ, બાળકોનો પ્રોગ્રેસ રીપોર્ટ, વિગેરે MIKO3 રોબોટમાં છે. બાળકોને લગતા કોઈપણ પ્રશ્નો આ રોબોટ જવાબ આપે છે. બાળકો આ રોબોટ સાથે પ્રશ્નોત્તરી કરી શકે છે જેમાં ધારો કે કોઈ બાળક એવું પૂછે કે “How can i kill some one”






તો તેનો જવાબ રોબોટ આપતો નથી. કારણ કે તે નાના બાળકો માટે યોગ્ય જાણકારી નથી. ગણિત, વિજ્ઞાન, ભૂગોળ જેવા વિષયોની સંપૂર્ણ માહિતી સરળતાથી મળી રહે છે. બાળકો આ રોબોટનો ઉપયોગ કરશે તો મોબાઈલ ફોનને ભૂલતા વાર નહી લાગે. આ રોબોટને ફોનની જેમ હાથમાં પણ નથી રાખવો પડતો તે કોઈ પણ સપાટ જગ્યાએ રાખી શકાય છે જેમ કે ટેબલ. ૩ વર્ષના બાળકો MIKO3માં પ્રાણીઓના અવાજ પણ ચિત્રો સાથે નિહાળી શકે છે. સિમ્યુલર વર્ડની ગેમ આવે છે. આ ઉપરાંત ઘણી બધી સિસ્ટમ માત્ર નાના બાળકો માટે બનાવવામાં આવી છે. સમગ્ર વિશ્વના ફ્લેગ આ રોબોટ દ્વારા બાળકો જાણી શકે તેવી અદ્ભૂત વ્યવસ્થા છે. બાળકો વર્તમાન સમયમાં ઘણા સ્માર્ટ બની રહ્યા છે પરંતુ આ મોબાઈલ ફોનમાં તેમની સ્માર્ટનેસ ગાયબ થઈ રહી છે. PUBG જેવી ગેમ રમીને બાળકો માત્ર સમયનો વેડફાટ કરી રહ્યા હતા. યુ-ટ્યૂબ નાના બાળકો માટે સેફ નથી કારણ કે તેમાં ગમે તેવી એડ ઓપન થઈ જાય છે જે બાળકો માટે જોવાલાયક હોતી જ નથી. તેથી બાળકો મોબાઈલથી દૂર રહે તે અનિવાર્ય છે. “MIKO3” કંપની દ્વારા મોબાઈલમાં “MIKO3”ની એપ પણ બનાવવામાં આવી છે. જેમાં માતા-પિતા તેમના બાળકોનો પ્રોગ્રેસ રીપોર્ટ જોઈ શકે છે કે તેમના બાળકો કયા વિષયમાં સૌથી વધારે રસ ધરાવે છે તેની હાઈલાઈટ જોઈ શકે છે.

યુ.એસ.માં આ રોબોટનું વેચાણ સૌથી વધારે થઈ રહ્યું છે. મેડ ઈન ઈન્ડિયા MIKO3 રોબોટનું હવે ભારતમાં પણ માર્કેટ વધી રહ્યું છે. ૧૪૦ થી વધારે દેશોમાં આ રોબોટનું વેચાણ થઈ રહ્યું છે. આ રોબોટ બાળકો સાથે મિત્રની જેમ વાતો કરે છે. આ રોબોટ ઈન્ડિયાનો સૌ પ્રથમ ડીપ લર્નિંગ રોબોટ છે. જે બાળકોને રમતા રમતા ઘણું બધું શીખવી રહ્યો છે જેમાં એક પણ સાઈડ ઈફેકટ નથી. આ રોબોટ ઓનલાઈન ખરીદી શકાય છે. તથા મહાત્મા મંદિર ખાતે પણ ઉપલબ્ધ છે. જેમાં બે દિવસમાં સાતથી આઠ જેટલા રોબોટનું વેચાણ થઈ ચૂક્યુ છે.